અપીલ અરજી નં.૪૩૩ તા.૬–૩–૧૦

અરજદારઃ– શ્રી કલાપી એન. ચોકસી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલાપી એન. ચોકસીની તા.૨૦–૧–૧૦ ની અરજીથી (૧) વૃંદાવન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટની સામે, સુરત સુરતના ગામ મોજે અડાજણમાં આવેલ રેવન્યુ સર્વે નં.૨૯૬, ટી.પી.નં.૧૩, ફા.પ્લોટ નં.૨૩૫ માં આવેલ પ્લોટોની સરકાર ધ્વારા રીઝર્વેશનમાં આવેલા છે કે કેમ તે જણાવશો. (૨) આ પ્લોટ પર બાંધકામની પરવાનગી મળી શકશે કે કેમ તે જણાવશો વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૩૩/૨૦૦૯–૧૦

શ્રી કલાપી એન. ચોકસીની તા.૨૦–૧–૧૦ ની અરજીથી (૧) વૃંદાવન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટની સામે, સુરત સુરતના ગામ મોજે અડાજણમાં આવેલ રેવન્યુ સર્વે નં.૨૯૬, ટી.પી.નં.૧૩, ફા. પ્લોટ નં.૨૩૫ માં આવેલ પ્લોટોની સરકાર ધ્વારા રીઝર્વેશનમાં આવેલા છે કે કેમ તે જણાવશો. (૨) આ પ્લોટ પર બાંધકામની પરવાનગી મળી શકશે કે કેમ તે જણાવશો વિ. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૫૯ તા.૧૬–૩–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિ તી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૧ ના દાવા " ૭/૧૨ માં કેવી રીતે " કયા જાહેર માહિતી અધિકારી ના રીપ્લાયની વિગત જોતાં તેમણે મહાનગરપાલિકાનું એફ– ફોર્મ કે ૭/૧૨ ની નકલ મેળવેલ છે કે કેમ? જે દાવાના સમર્થનમાં આધાર રજુ કરવા તથા બીડેલ નકલમાં મુળ અરજીમાં સહી વિનાની જણાય છે.જે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તા.૨૫–૩–૧૦ ના રોજ પત્ર મળેલ છે. જેમાં અરજદારે સુરત સીટી અડાજણના તલાટીના તા.૧૦–૧૨–૦૯, તથા તા.૮–૧૨–૦૯ ના રેકર્ડ પ્રમાણપત્રની નકલ ,૨૯૬/પૈકી ૧ ની ૭/૧૨ ના ઉતારાની નકલ, તથા ૮/અ ના ઉતારાની તા.૪–૧૨–૦૯ ની નકલ, હકપત્ર ગામ નમુના –૬ ની તા.૮–૧૨–૦૯ ની નકલ, ૭/૧૨ ના તા.૧ ૮–૬–૦૪ ની ખરી નકલની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૦–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૧૮ તા.૧૯–૨–૧૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અપીલ અરજીમાં આ.નં.૭૧૯ તા.૧૯–૨–૧૦ ના નિર્ણયથી નારાજ થઈ તા.૬–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૪ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૧૯ તા.૧૯–૨–૧૦ થી તબદીલ કરેલ છે. આથી અરજદારે સદર માહિતી અધિક કલ ેકટરશ્રી એન.એ. શાખામાંથી મેળવવાની રહે છે. જે માહિતી નહીં મળે અને મળે તો તેની નારાજગી અંગે સદર સત્તા મંડળના સક્ષમ અપીલ અધિકારીને અપીલ અરજી કરવાની રહે છે. અરજદારની અરજીમાં માંગેલ મુદ્દા નં.(૧) વૃંદાવન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટની સામે, સુરતના ગામ મોજે અડાજણમાં આવેલ રેવન્યુ સર્વે નં .૨૯૬, ટી.પી.નં.૧૩, ફા.પ્લોટ નં.૨૩૫ માં આવેલ પ્લોટોની સરકાર ધ્વારા રીઝર્વેશનમાં આવેલા છે કે કેમ તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લોટ ટીપી સ્કીમના 'એફ' ફોર્મ રીઝવેશનવાળો પ્લોટ નથી. તેવી માહિતી આપેલ જણાય છે પરંતુ અરજદારે અપીલ તબકકે એવી રજૂઆત કરેલ છે કે રીઝર્વેશનવાળો પ્લોટ નથી તો ૭/૧૨ ની નકલમાં રીઝર્વેશન શા માટે જણાવ્યું છે. તે અંગે જવાબ નથી તો સદર સોસાના પ્લોટ રીઝર્વશન પ્લોટ છે કે નહીં તે અગેનો સ્પષ્ટ જવાબની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે 'એફ' ફોર્મની નકલ મેળવવા બાબતે કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ દફતરી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૨) આ પ્લોટ પર બાંધકામની પરવાનગી મળી શકશે કે કેમ તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એવો જવાબ છે કે સદર પ્લોટમાં આખા ફાયનલ પ્લોટને અનુલક્ષીને પ્લાનીંગ કરી જરૂરી દસ્તાવેજો મધ્યસ્થ શહેર વિકાસ ખાતુ સુરત મહાનગરપાલિકામાં ચકાસણી કર્યેથી પરવાનગી અંગેનો નિર્ણય લઈ શકાય તેવી માહિતી આપેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે અગાઉના બાંધકામોને પરવાનગી આપવામાં આવી છે કે નહીં જો પરવાનગી આજ દિન સુધી મળી નથી તો કોની મહેરબાની અને કોના હિતમાં ગેરકાયદેસર બાંધકામો થયા છે તેની સ્પષ્ટ માહિતી. તેવી રજૂઆત કરેલ છે.જે અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૩ સદર સોસા.માં પ્લાન મંજુર થયેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લોટમાં આવેલ વૃંદાવન સોસા.ના પ્લાન કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ મંજુર થયેલ હોવાનું જણાતું નથી. તેવી માહિતી આપેલ છે. અરજદારે અપીલ તબકકે પરવાનગી વગર કઈ રીતે બાંધકામ થયું અનુ અધિકારી વર્ગ ધ્યાન આપતો હતો કે કેમ તેવો અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૪. એન.એ. ની પરવાનગી મળેલ છે કે કેમ તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૧૯ તા.૧૯–૨–૧૦ થી અરજી અધિક કલેકટરશ્રી એન.એ. શાખા બહુમાળી બિલ્ડીંગ નાનપુરાને તબદીલ કરેલ છે. જે અંગે અરજદારે અપીલ અરજીમાં તા.૧૯–૨–૧૦ આ.નં.૭૧૯ ના નિર્ણય મળેલી માહિતી બાબતે નારાજગી હોય તો અપીલ અધિકારી કલેકટરશ્રીને અરજી કરવાની રહે છે. મુદ્દા નં.૫ આ સોસાયટી કાયદેસરની છે કે

નહીં તેની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લોટના પ્લાન મંજુર થયેલ હોવાનું જણાત નથી તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે અપીલ તબકકે વગર મંજુર થયેલ પ્લાનવાળી સોસા.માં ડ્રેનેજ ,પાણી, રોડ , રસ્તા, સ્ટ્રીટી લાઈટ કોની મહેરબાનીથી આપવામાં આવી છે. જે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે. મુદ્દા નં.૬ આ સોસા. માં ગ્રાઉન્ડ ફલોરના બાંધકામવાળો પ્લોટ કરીએ તો વધારાના માળની બાંધકામની કાયદેસરની પરવાનગી મળી શકશે કે કેમ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્રશ્નવાળી મિલ્કતના પ્રથમ આખા ફાયનલ પ્લોટનો લે આઉટ પ્લાન મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં મંજુર કરાવ્યેથી પછીથી સ્વતંત્ર પ્લોટમાં દસ્તાવેજની અલગથી પ્લાન રજૂ કર્યેથી જરૂરી ચકાસણી કરી મંજુરી અંગે નિર્ણય લઈ શકાય. તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલ તબકક જવાબ સ્પષ્ટ નથી સોસા.માં બીજાએ જે રીતે બાંધકામ કર્યા છે તેવી રીતે મારે બાંધકામ કરવું હોય તો તે માટે સ્પષ્ટ જવાબ ની રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૭. આ અંગેની માહિતી બીજા ખાતાઓ પાસેથી લેવાની હોય તો જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્રશ્નવાળી મિલ્કત એન.એ. અંગેની અરજી અધિક કલેકટરશ્રીના એન.એ. વિભાગ બહુમાળી બિલ્ડીંગ નાનપુરાને તબદીલ કરેલ છે. જેમાં અરજદારે તબદીલ કરેલી અરજીનો તમને જવાબ મળ્યો હોય તો તેની નકલની માંગણી કરેલ છે. જે આરટીઆઈ કાયદા મુજબ તેવા જવાબ અરજદાર વિભાગને કરવામાં આવતા હોય છે. અને અરજદારે ત્યાંથી મેળવવામાં આવે છે. તેથી અરજદારની માંગણી આરટીઆઈ હેઠળ સુસંગત નથી. મુદ્દા નં.૮ ૭/૧૨ માં રેવન્યુ સર્વે નં.૨૯૬ ટીપી નં.૧૩ ફા.પ્લોટ નં.૨૩૫ માં આવેલા પ્લોટોની શું સ્થિતિ છે તે જણાવશો. તેવી સહી વિનાની અરજીની નકલ અરજદારે અપીલમાં રજૂ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ પ્લાન મંજુર હોવાનું જણાતું નથી. જેમાં અરજદારે અપીલ તબકકે વગર મંજુરી થયેલ પ્લાન સોસા.માં કોની મહેરબાનીથી વેરા વસુલ કરો છો અને કોઈ પ્રકારની ઈમપેકટ ફી લેવામાં આવી છે અને વેસ્ટઝોનમાં આવી કેટલી ગેરકાયદેસર સોસા.ઓ છે તેની પૂરતી સ્થળ તપાસ કરી માહિતી આપશો તેવો મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. આમ અરજદારના ૮ પ્રશ્ન બાબતે મુદ્દા નં.૪ અધિક કલેકટરને તબદીલ કરેલ છે તથા અન્ય મુદ્દાઓના જાહેર માહિતી અધિકારી તરફથી પૂરા પડાયેલ જણાય છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૧,૨,૩,૫ અને ૮ બાબતે અપીલ તબકકે અલાયદા પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારી અને સત્તા મંડળને અલાયદી અરજી કરી માહિતી મેળવી શકે છે.

અરજદારે અપીલ તબકકે આ સિવાય અન્ય ૧ થી ૭ પ્રશ્નોની માહિતીની રજૂઆત કરેલ છે. (૧) ગેરકાયદેસર સોસાયટી હોય તો એ સોસા.ના વેરાબીલ કઈ રીતે વસુલ કરી શકાય? વેરાબીલ થઈ તારીખથી વસુલ થાય છે તેની માહિતી. ૨. તમારા રેકર્ડ મુજબ પ્લાન મંજુર થયેલ હોવાનું જણાતું નથી. છતાં આ સોસા.માં બાંધકામ કરવામાં આવ્યા છે તો આ ગેરકાયદેસર બાંધકામો કોની પરવાનીગીથી કરવામાં આવ્યા તે સ્પષ્ટ રીતે જણાવશો. ૩. કોઈ પણ પ્લાન મંજુર થયા વગર રહેઠાણની પરવાનગી (બીયુસી) કેવી રીતે આપવામાં આવી? અને આવી પરવાનગી કેટલા બાંધકામોને આપવામાં આવી છે તેની માહિતી આપશો. ૪. બિન અધિકૃત સોસા.માં ડ્રેનેજ અને પાણી લાઈન જેવી સગવડ કઈ રીતે આપવામાં આવી? તેની માહિતી. ૫. સોસા.ના કાયદેસરના પ્લોટો પર ગેરકાયદેસર ઘુસણખોરી કરી બોગસ દસ્તાવેજો ઉભા કરી બાધંકામ કરવામાં આવ્યા છે જેની માહિતી તમારા ખાતા પાસે માંગવામાં આવી છે તો તેવા સભ્યોની માહિતી. ૬. વૃદાવન કો.ઓ. સોસા. કાયદેસરની છે કે કેમ? તેની તપાસ કરી માહિતી આપશો. ૭ . આ સોસા.માં હજુ પણ બાંધકામ ચાલુ છે અને લોકો વગર મંજુરીએ બાંધકામ કોની પરવાનગીથી કરે છે તેની સ્થળ તપાસ કરી માહિતી આપશો. આ રીતે અરજદારે અપીલ તબકકે વધારાના મુદ્દાઓની માહિતી માંગવામાં આવેલ છે. જે અરજદાર મુળ અરજીથી અપીલ તબકકે વધારાના પ્રશ્નો અંગે તેમજ અપીલ તબકકે વધારાની માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જેથી અરજદારે અપીલ તબકકે સ્થળ તપાસ કરી માહિતી માંગવાનો આગ્રહ આરટીઆઈ એકટની જોગવાઈઓ મુજબ સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે મુદ્દા નં.૪ અંગે લાગત સત્તા મંડળ પાસેથી માહિતી મેળવવા તથા માહિતી ન મળે કે મળેલ માહિતીથી અસંતોષ હોય તો તેના ઉપરી અપીલ અધિકારીને અપીલ કરવા સ્વતંત્ર છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧,૨,૩,૫ અને ૮ માં અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે તેમજ વધારાના મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધ્કિારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી કલાપી એન. ચોકસી,